# ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – કેન્દ્રીય કપાસ સંશોધન કેન્દ્ર
## કપાસની ખેતી પધ્ધતિ માટે અઠવાડિક સલાહ (૭ થી ૧૩ ડીસેમ્બર, ૨૦૧૫)

**"આ સલાહ જે તે રાજયની કૃષિ યુનિવર્સિટીઓ પાસેથી મળેલ માહિતી મુજબ પ્રસિધ્ધ કરેલ છે"**

### ખેત આબોહવા સલાહ

| રાજય/ જીલ્લો | ડીસેમ્બર મહિનામાં વરસાદ (મીમી) તારીખ મુજબ | | | | | | | સલાહ |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | |
| **ગુજરાત** | | | | | | | | |
| અમરેલી | ० | ० | ० | ० | ० | ० | ० | પાક જીંડવા ફાટવાની અવસ્થાએ છે. કાળી માટીમાં વાવેતર કરેલ કપાસમાં પિયત આપવું. ગુલાબી ઈયળના અસરગ્રસ્ત વિસ્તારમાં તેનાં ઉપદ્રવને વધુ ફેલાતો અટકાવવા માટે તાત્કાલિક ધોરણે સાયપરમેથ્રીન અથવા ફેનવલરેટ અથવા લેમ્ડા સાયહેલોથ્રીનનો એક છંટકાવ કરવાની ખેડુતોને સલાહ આપવામાં આવે છે. જો આમ કરવામાં ન આવે તો ગુલાબી ઈયળથી ડીસેમ્બર મહિનામાં ભારે નુકસાન થઈ શકે છે. કોઈપણ જંતુનાશક મિશ્રણનો ઉપયોગ કરશો નહિ. આવા મિશ્રણથી સફેદમાખીનો એકાએક ઉપદ્રવ વધી જવાથી કપાસ ચીકણો થાય છે. ખેડુતોને ડીસેમ્બર સુધીમાં કપાસની વીણી પુરી કરી, પાક કાઢી નાંખવાની સલાહ આપવામાં આવે છે. બિન જરૂરી ૨૦૧૬ના વર્ષમાં પાક લંબાવવાનું ટાળવું. પાકને સમયસર ખેતરમાંથી કાઢી નાંખવાથી ગુલાબી ઈયળનો ઉપદ્રવ ઘટશે અને તેથી બીટી કપાસ સામે વિકસતી પ્રતિકારકતા ઘટી શકે. હજી પણ કેટલીક જગ્યાએ ગત વર્ષની કરસાંઠીઓના શેઢાપાળા ઉપર ઢગલાં જોવા મળેલ છે જેનો તાત્કાલીક બાળીને નાશ કરવો. ઓછા ઉપદ્રવિત ખેતરની કરસાંઠીઓનો અને છોડના અવશેષોનાં નાના ટુકડાઓ કરી કોહડાવીને કંપોસ્ટ બનાવવા વાપરી શકાય. વધુ ઉપદ્રવિત ખેતરોની કરસાંઠીઓને બાળીને નાશ કરવો. ગોડાઉન અથવા ઘરે સંગ્રહિત કરેલ કપાસમાંથી ગુલાબી ઈયળનો ફેર–ઉપદ્રવ થવાની શકયતા રહેલી હોય છે. જો આવા કપાસનાં બીજમાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ જોવા મળે તો તાત્કાલીક બાળીને નાશ કરવો. વીણી વખતે ચોખ્ખો કપાસ ભેગો કરી ચોખ્ખી કાપડની બેગમાં ભરવો જરૂરી છે. વીણી કરેલ કપાસનો સંગ્રહ કંતાનની બેગમાં કરવાનું ટાળવું અન્યથા ફેર ઉપદ્રવની શકયતા વધી જાય છે. |
| ભાવનગર | ० | ० | ० | ० | ० | ० | ० | |
| જામનગર | ० | ० | ० | ० | ० | ० | ० | |
| રાજકોટ | ० | ० | ० | ० | ० | ० | ० | |
| ભરૂચ | ० | ० | ० | ० | ० | ० | ० | |
| સાંબરકાંઠા | ० | ० | ० | ० | ० | ० | ० | |
| સુરેન્દ્રનગર | ० | ० | ० | ० | ० | ० | ० | |
| અમદાવાદ | ० | ० | ० | ० | ० | ० | ० | |
| વડોદરા | ० | ० | ० | ० | ० | ० | ० | |
| પાટણ | ० | ० | ० | ० | ० | ० | ० | |
| મહેસાણા | ० | ० | ० | ० | ० | ० | ० | |